# ભજન ૩

હો હો રે, કાન લાગે રૂપાળો {૨}
લાગે રૂપાળો, એ તો મોરલી વાળો ---- હો હો રે

ગોરા ગોરા મુખડાને, જાદુ ભરી આંખો {૨}
માથે શાભે છે, એના લાલ પીળી પાઘળી
નંદજીનો લાલો લાલ, લાગે તળકાળો ---- હો હો રે

પીળા પીતાંબરને, જરકશી જામા {૨}
ગળે શોભે છે, એના વજયંતી માળા
ટેડી બંસીને એની, ટેડી છે આંખો ---- હો હો રે

કાળો તો યે, કાન કામણ ગારો {૨}
નંદુનો શ્યામ કરે, નવો નવો ચાળો
માખણ ચોર એ, માખણ ખાનારો ---- હો હો રે

હો હો રે, કાન લાગે રૂપાળો {૩}